# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા "વિશ્વ પર્યાવરણ દિવસ"ની ઉજવણી કરાઇ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ ખાતે તારીખ ૫ જુન, ૨૦૨૩ ના રોજ "વિશ્વ પર્યાવરણ દિવસ"ની ઉજવણી માન. કુલપતિશ્રી, આકૃયુ., આણંદ ડૉ. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે આણંદ કૃષિ યુનિવર્સીટી, આણંદથી ડો. આકાશ મિશ્રા, મદદનીશ પ્રાધ્યાપક (જમીન વિજ્ઞાન) તથા અમુલ ડેરી, આણંદથી શ્રી જગદીશભાઇ ચાટ, શ્રી સચિનભાઇ પટેલ અને શ્રી હાર્દિકભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે આણંદ જિલ્લાના ૭૪ ખેડુતભાઇઓ હાજર રહ્યા હતા. સદર કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડા ડૉ. વાય. સી. લકુમ દ્વારા પ્રસંગોચિત્ત ઉદબોધનમાં "વિશ્વ પર્યાવરણ દિવસ"ની ઉજવણીના હેતુ સાથે ચાલુ વર્ષે પ્લાસ્ટીકના પ્રદુષણને નાથી પર્યાવરણના પુનઃસ્થાપન કરવા અંગેની થીમની જાણકારી આપી હતી, તેમજ ખેતીમાં અને રોજીંદા જીવનમાં પર્યાવરણલક્ષી લાઇફ સ્ટાઇલ અપનાવવા પર ભાર મુક્યો હતો. ડો. આકાશ મિશ્રાએ જમીનનું સ્વાસ્થ્ય સુધારવા તેમજ ભુગર્ભ જળનું પ્રદુષણ ઘટાડવાની વિવિધ તકનીકોની સમજણ આપેલ. વધુમાં તેઓએ ખેતીમાં રાસાયણીક ખાતરોનો ઉપયોગ ઓછો કરી જૈવિક ખાતરોનો વપરાશ વધારી પાણી તથા જમીનનું પ્રદુષણ ઓછું કરી પર્યાવરણને સુધારવા અનુરોધ કર્યો હતો. શ્રી જગદીશભાઇ ચાટે જળ જમીન, જાનવર, જન અને જંગલની સુરક્ષા કરવા તેમજ ખેડુતોને અમુલ ડેરી દ્વારા ઉત્પાદીત લિક્વીડ ફરમેન્ટેડ ઓર્ગેનિક મેન્યોરની વિવિધ પાક પર અસરકારકતા તેમજ તેના ઉપયોગ વિશે સમજણ આપી હતી.

આ ઉપરાંત, કાર્યક્રમના ભાગરુપે હાજર સર્વે ખેડુતોને બાગાયતી પાકોના રોપાનું વિતરણ કરવામાં આવેલ. સદર કાર્યક્રમનું આયોજન તેમજ સફળ સંચાલન ડો. આર. એમ. પટેલ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) તેમજ કેવિકેના સ્ટાફ દ્વારા કરવામાં આવેલ.

# કાર્યક્રમની ઝાંખીઓ


WORLD ENVIRONMENT DAY


WORLD ENVIRONMENT DAY


WORLD ENVIRONMENT DAY


WORLD ENVIRONMENT DAY


WORLD ENVIRONMENT DAY
5th June
KRISHI VIGYAN


WORLD ENVIRONMENT DAY
5th June
KENDRA
UNIVERSITY,